# <u>ઉકા તરસાડીયા યુનિવર્સીટીનાં વિદ્યાર્થીઓનો સેવાયજ્ઞ</u>

(બારડોલી, તા. ૮/૧૧/૨૦૧૨)







બી. વી. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ માં વર્ષ ૨૦૦૪ માં સ્થાપિત **"રેન્ડમ એકટ ઓફ કાઈન્ડનેસ" (RAK)** ક્લબ વિદ્યાર્થીઓને માનવતાલક્ષી વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહિત કરી તેમને સમાજ પ્રતિ સંવેદનશીલ બનાવે છે. કુલ ૬૩૦ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ૧૦૦૦ થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ ક્લબ ના સદસ્ય છે.

સંસ્થા દ્વારા અનૌપચારિક રીતે દત્તક લેવાયેલ કણાઈ ગામની સરકારી પ્રાથમિક શાળાના ૩૯ જેટલા વિદ્યાર્થીઓ માટે સમયાંતરે અવનવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેના અનુસંધાનમાં ગયા સપ્તાહ માં નવા જોડાયેલા સાત વિધાર્થીઓંને યુનીફોર્મ આપવામાં આવ્યા. તા. ૮/૧૧/૨૦૧૨ નાં રોજ દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે **RAK** ક્લબ દ્વારા આમંત્રિત ભૂલકાઓને "મ્યુઝીકલ સ્ટેચ્યુ"ની રમત રમાડાઈ અને આ પ્રકાશપર્વને આવકારવા રંગબેરંગી ફાનસ બનાવતા શીખવાડવામાં આવ્યું. ઉપરાંત, ભૂલકાઓને ઉપહાર સ્વરૂપે ઘડિયાળ, કરોટી, રંગ, રંગોળી ડીઝાઈન, દીવા, તેલ, ફટાકડા અને સક્કરપારાની સપ્રેમ ભેટ આપવામાં આવી હતી. આ પ્રયાસ સફળ બનાવવામાં હાલમાં અભ્યાસરત્ વિદ્યાર્થીઓનું પોતાના દૈનિક ખર્ચની નાની બચત માંથી કરેલું સ્વૈચ્છિત આર્થિક યોગદાન પ્રસંશનીય છે. જયારે ભૂલકાઓએ કુલઝર અને તારામંડળ ની મજા માણી ત્યારે તેની ખુશી તેમના માસુમ ચેહરા ઉપર ઝળકી ઉઠી હતી. સમગ્ર વાતાવરણ ભૂલકાઓના કિલકિલાટ અને ચીચીયારીઓથી ગુંજી ઉઠ્યું હતું.

અંતે, સંસ્થાના ડાયરેક્ટર શ્રી ડો. પૂનમ મિત્તલ અને સદસ્યોએ નૂતન વર્ષમાં ભૂલકાઓનું જીવન ખૂબ ઉજ્જવળ બને તેવી શુભકામના સાથે વિદાય આપી.

**Winners of Photography Competition – 2012** **(1) Patel Mira (11BBA100) and**
**(2) Joshi Kiran (11BCom43)**








